ખેડા જિલ્લા આરોગ્ય તંત્ર ધ્વારા તા.૧ થી ૭ ઓગષ્ટ દરમ્યાન વિશ્વ સ્તનપાન સપ્તાહની ઉજવણી કરાશે

(માહિતી બ્યૂરો)નડિયાદ, માતાનું દૂધ તેના શિશુ માટે સર્વોત્તમ આહાર છે બાળકને ન્યુમોનિયા તથા ઝાડાના રોગ સામે રક્ષણ આપવા – બાળકને ચેપી તેમજ બિન-ચેપી રોગોનું જોખમ ઘટાડવા તથા બાળકના સર્વાંગી શારિરિક તથા માનસિક વિકાસને વધુ વેગવાન બનાવવા તેની મા નું દૂધ અનિવાર્ય છે. દરવર્ષે તા.૧ ઓગષ્ટ થી તા.૭ ઓગષ્ટ દરમ્યાન ‘‘વિશ્વ સ્તનપાન સપ્તાહ’’ ની ઉજવણી કરવામાં આવે છે જેથી જનસમુદાય માં આ બાબતે વ્યાપક પ્રચાર/પ્રસાર થકી લોક માનસમાં પરિવર્તન લાવી આ બાબતે વ્યાપક જનજાગૃતિ કરી શકાય લોકોમાં આ બાબતે સાચી અને વૈજ્ઞાનિક જાણકારી લાવવા ખેડા જિલ્લામાં પણ ‘‘ વિશ્વ સ્તનપાન સપ્તાહ’’ ની ઉજવણી કરવામાં આવશે. જન્મના પહેલા કલાકમાં જ બાળકને માતાનું દૂધ આપવુ જોઈએ પહેલુ ધાવણ એ બાળક માટે રસીની ગરજ સારે છે. બાળકના જન્મથી ૬ મહિના સુધી બાળકને ફક્ત અને ફક્ત સ્તનપાન જ કરાવવું જોઈએ, તે સિવાય કાઇ જ આપવું નહિ. પાણી પણ નહિ બાળકને ૬ મહિનાની ઉમંર પૂર્ણ થતાં જ સ્તનપાન સાથે ઉપરનો આહાર આપવો જોઈએ, પરંતુ ઓછામાં ઓછા બે વર્ષ સુધી સ્તનપાન તો કરાવવું જ જોઈએ. જેમ મા નો કોઈ જ વિકલ્પ નથી તેમ બાળક માટે મા ના દૂધ નો પણ કોઈજ વિકલ્પ નથી મા નું દૂધ બાળક માટે અનમોલ – અકસીર તેમજ અનિવાર્ય છે અને બાળકનો તે અધિકાર પણ છે જ. ભાવિ પેઢીના સમ્પૂર્ણ શારીરિક તથા માનસિક વિકાસ તેમજ સારા આરોગ્ય માટે નવજાત શિશુ ને જન્મ પછી તરત જ માનુ ધાવણ આપવા, ૬ માસથી બે વર્ષ સુધી ઉપરના આહાર સાથે પણ માનુ ધાવણ આપવા લોક જાગૃતી લાવવા મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, નડિયાદના ડો. ડી. સી. જાગાણીએ જાહેર વિનંતી છે.

રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગષ્ટની ઉજવણીની જિલ્લા વહીવટી તંત્ર દ્વારા તડામાર તૈયારીઓ

(માહિતી બ્યૂરો):વડોદરા, રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઓગષ્ટની જિલ્લાકક્ષાની ઉજવણી સાવલી ખાતે થવાની છે ત્યારે સમગ્ર જિલ્લા વહીવટ તંત્ર દ્વારા તડામાર તૈયારી આદરી દેવામાં આવી છે. આ સંબંધિત સમીક્ષા બેઠક વડોદરા જિલ્લા કલેક્ટર કચેરીના ધારાસભા હોલ ખાતે મળી હતી.જિલ્લા વિકાસ અધિકારીશ્રી કિરણ ઝવેરીએ ૧૫મી ઓગષ્ટની જિલ્લાકક્ષાની ઉજવણી અંગેની તૈયારીઓની સમીક્ષા કરતા અધિકારીશ્રીઓને સૂચના આપતા જણાવ્યું હતું કે, તંત્ર દ્વારા દર વર્ષે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવે છે. ત્યારે આપણાથી જાણતા-અજાણતા કંઈક ક્ષતિઓ રહી જતી હોય છે. તે ક્ષતિઓમાંથી બોધ પાઠ લઈને તેને દૂર કરવાનો આપણો અભિગમ હોવો જોઈએ.

વધુમાં તેમણે કહ્યુ કે, ૧૫મી ઓગષ્ટની સાથે ભાઈ-બહેનનું પર્વ રક્ષાબંધન પણ છે. બધા તેની સાથે લાગણીથી જોડાયેલા હોય છે પણ આપણે આપણી ફરજને પ્રાથમિકતા આપવાની છે. કોઈ અધિકારી-કર્મચારી ફરજ પ્રત્યે બેદરકાર ન રહે અને સોંપવામાં આવેલી જવાબદારી સુપેરે નિભાવે. અધિક નિવાસી કલેક્ટર શ્રી ડી. આર. પટેલે સરકારના વિવિધ વિભાગના સંબંધિત અધિકારીઓ પાસેથી આયોજનની તૈયારીઓ અંગેની વિગતો મેળવી હતી. આ બેઠકમાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા આયોજન અધિકારી, જિલ્લા શિક્ષણ અધિકારી પ્રાંત અધિકારીઓ, ચીફ ઓફિસરો, મામલતદારો, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ સહિતના અધિકારી-કર્મચારીઓ હાજર રહ્યા હતા.

ડાંગ સ્વરાજ આશ્રમ આહવા ખાતે ૯ ઓગષ્ટે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી

(ડાંગ માહિતી બ્યૂરો) આહવા, ડાંગ સ્વરાજ આશ્રમ આહવા ખાતે તા.૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામા આવ્યું છે. આજરોજ ડાંગ કલેકટર એન.કે.ડામોર ના અધ્યક્ષપણા હેઠળ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી સંદર્ભે જિલ્લાના અધિકારીઓની બેઠક યોજાઈ હતી. વિશ્વ આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી થાય તે માટે સમાહર્તા એન.કે.ડામોરે વિવિધ કચેરીઓના વડાને માર્ગદર્શન આપતા જણાવ્યું હતું કે આદિવાસી લોકોની પારંપારિક સંસ્કૃતિનું જતન થાય તે માટે આપણે સૌએ પ્રયાસ કરવાનો છે. રાજ્ય સરકાર આદિવાસીઓના ઉત્થાન માટે કટીબધ્ધ છે. ખેતીવાડી,પશુપાલન,રમત-ગમત,સમાજકલ્યાણ,ધોરણ-૧૦,૧૨ ના તેજસ્વી તારલાઓ,ઉચ્ચ શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ હાંસલ કરનાર આદિવાસી ભાઈઓ-બહેનોનું સન્માન કરવુ તેમજ પ્રાયોજના વહીવટદારની કચેરી દ્વારા તમામ લોકોને સરકારની યોજનાકીય જાણકારી મળી રહે તે મુજબ પ્રચાર-પ્રસારની કામગીરી કરવા અનુરોધ કર્યો હતો. જિલ્લા વિકાસ અધિકારી એચ.કે. વઢવાણિયાએ જણાવ્યું હતું કે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ, સરપંચઓ,સખીમંડળો,વનવિભાગની મંડળીઓ વિગેરે તમામ લોકોએ ઉત્સાહપૂર્વક વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવવો જાઈએ. આ બેઠકમાં પ્રાંત અધિકારી કાજલ ગામીત,પ્રાયોજના વહીવટદાર જે.ડી. પટેલ,નાયબ વન સંરક્ષક સર્વઓ અગ્નેશ્વર વ્યાસ,દિનેશ રબારી, આયોજનસહ તાલુકા વિકાસ અધિકારી આર.બી.ચૌધરી, કાર્યપાલક ઈજનેર જે.કે.પટેલ,તકેદારી અધિકારી બી.આર.વળવી, શિક્ષણાધિકારી એમ.બી. ભુસારા તમામ માલતદારઓ ઉપસ્થિત રહયા હતા.

લુણાવાડા પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને આગામી ગણેશ મહોત્સવ-૨૦૧૯ ના પૂર્વ તૈયારીના ભાગરૂપે બેઠક યોજાઇ

લુણાવાડા : લુણાવાડા પ્રાંત અધિકારી બ્રિજેશ મોડીયાના અધ્યક્ષ સ્થાને મામલતદાર કચેરી લુણાવાડાના સભાખંડમાં આગામી ગણેશ મહોત્સવ-૨૦૧૯ ના પૂર્વ તૈયારીના ભાગરૂપે બેઠક યોજાઈ. જેમાં ગણપતિ મહોત્સવ - ૨૦૧૯ સારુ સરકારના પ્રવર્તમાન કાયદા - નિયમો - જાહેરનામાને આધીન રહીને ઉલ્લાસપુર્વક ઈકોફ્રેન્ડલી ગણેશ મહોત્સવનું સુચારુ આયોજન થાય તે અંગે ગણેશ મહોત્સવના આયોજકોને અપીલ કરવામાં આવી હતી. આ બેઠકમાં મામલતદાર લુણાવાડા, નગરપાલિકા લુણાવાડાના પ્રમુખ. જયેન્દ્રસિંહ, નાયબ મામલતદાર (મહેસુલ) લુણાવાડા, ચીફ ઓફિસર નગરપાલિકા લુણાવાડા, પોલીસ સબ ઈન્સપેક્ટર લુણાવાડા, સમીરભાઈ મહેતા, મહીસાગર તેમજ લુણાવાડાના ગણપતિ મંડળોનો અન્ય આયોજકો હાજર રહ્યા હતા.

ડાંગ જિલ્લામાં ભારે વરસાદને પગલે તાકીદની બેઠક

(ડાંગ માહિતી બ્યૂરો):આહવા, ડાંગ જિલ્લામાં ભારતીય હવામાન વિભાગ તરફથી તા.૩૦/૭/૨૦૧૯ ના રોજ ભારે થી અતિભારે વરસાદની ચેતવણીને પગલે તા.૨૯/૭/૨૦૧૯ ના રોજ ડાંગ કલેકટરશ્રી એન.કે.ડામોર ના અધ્યક્ષ સ્થાને જિલ્લાના ઉચ્ચ અધિકારીશ્રીઓ સાથે તાકીદની બેઠક યોજાઈ હતી.

જિલ્લા કલેકટરશ્રી ડામોરે જિલ્લાના ઉચ્ચ અધિકારીઓને તાકીદ કરતા જણાવ્યું હતું કે હવામાન ખાતાની ભારેથી અતિભારે વરસાદની આગાહી સંદર્ભે તમામ અધિકારી/કર્મચારીઓએ પોતાની ફરજ ઉપર હાજર રહેવું તેમજ પરવાનગી વગર હેડકવાર્ટર છોડવું નહીં. અંતરિયાળ ગામડાના રસ્તાઓ ખુલ્લા રહે અને લોકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે પોતાની કામગીરી પ્રત્યે ખૂબ જ સાવધાન રહેવુ. નેશનલ હાઈવે તેમજ સ્ટેટ હાઈવે ઉપર કોઈપણ પ્રકારની આપત્તિ સમયે ફરજ અદા કરવાની રહેશે.

વધુમાં આરોગ્યની ટીમ પોતાના કાર્યક્ષેત્રે તૈનાત રહે અને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ રહે તે આરોગ્ય વિભાગના વડાએ જાવાનું રહેશે. મધ્યાહન ભોજન કે આંગણવાડી ઉપર અનાજનો જથ્થો સમયસર મળી રહે તે માટે તત્પર રહેવું. વિજળી નો પુરવઠો નિયમિત મળી રહે અને ટેલીફોનની સેવા ઉપલબ્ધ થાય તે માટે સબંધિત અધિકારીઓએ કામગીરી ઝડપથી કરવાની રહેશે.

આજરોજ તા.૩૦/૭/૧૯ ના સવારે ૬-૦૦ કલાકે પુરા થતા ૨૪ કલાકમાં આહવા ૧૨૬ મી.મી. મોસમનો કુલ-૯૦૭,વઘઈ ૨૦૮ મી.મી.કુલ-૧૬૦૯ મી.મી.,સુબીર ૭૯મી.મી.કુલ-૮૬૫ મી.મી. અને સાપુતારા ૧૫૭મી.મી.કુલ-૯૨૮ મી.મી. વરસાદ નોંધાયો હતો.

જ્યારે આજે સવારે ૬ થી સાંજે ૪-૦૦ કલાક સુધીમાં આહવા ૨૪ મી.મી.,વઘઈ ૫૨ મી.મી.,સુબીર ૪૫ મી.મી. અને સાપુતારા ખાતે ૩૩ મી.મી. વરસાદ નોંધાયો હતો. પંચાયત માર્ગ અને મકાન વિભાગ દ્વારા મળેલી માહિતી અનુસાર કુલ ૧૧ ગ્રામ્ય રસ્તાઓ કોઝવે ઓવરટોપીક થવાથી ૫-૬ કલાક પુરતા બંધ રહે છે. જે પૈકી ૪ રસ્તાઓ આહવાના સતી,વાંગણ,કુતરનાચ્યા રોડ,બોરખલ-ગાયખાસ,ચવડવેલ રોડ,ધૂલચૌંઢ઼ડ-આમસર વલણ રોડ,વઘઈ તાલુકામાં આહેરડી-બોરદહાડ રોડ બંધ થવાથી કુતરનાચ્યા,વાંગણ,આહેરડી, ચવડવેલ, ગાયખાસ,ધૂળચૌંઢ઼ડ અને આમસરવલણ ગામ અસરગ્રસ્ત બન્યા છે.

પાટણમાં આગામી તા. ૧ થી ૧૪ ઓગષ્ટ સુધી મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરાશે

પાટણ : રાજ્ય સરકારના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ દ્વારા સમગ્ર રાજ્યમાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે ત્યારે પાટણ જિલ્લામાં તા. ૧.૮.૨૦૧૯ થી તા. ૧૪.૮.૨૦૧૯ દરમિયાન મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે. સુરક્ષા સેતુ, અભયમ્ ૧૮૧ હેલ્પલાઈન, સુકન્યા સમૃદ્ધિ યોજના જેવી વિવિધ સેવાઓ અને યોજનાઓ થકી રાજ્ય સરકાર દ્વારા મહિલાઓને સુરક્ષા, સ્વાવલંબન અને આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે. મહિલાઓનું સમાજનિર્માણ અને રાજ્યના વિકાસમાં યોગદાન મહત્વનું છે ત્યારે સરકારશ્રી દ્વારા આગામી ઓગષ્ટ મહિનામાં મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવનાર છે. પાટણ જિલ્લા વહિવટી તંત્રના પોલીસ વિભાગ, નગરપાલિકા, પંચાયત વિભાગ, શિક્ષણ વિભાગ, ખેતીવાડી વિભાગ, સંકલીત બાળ વિકાસ યોજના, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી જેવા વિવિધ વિભાગો દ્વારા મહિલા સશક્તિકરણ પખવાડિયાની ઉજવણી કરવામાં આવશે. જે અંતર્ગત વિવિધ કાર્યક્રમોમાં મહિલા સુરક્ષા સમિતિના સભ્યો, પંચાયતી રાજની મહિલા સભ્યો, અભયમ ૧૮૧ મહિલા હેલ્પલાઈનના કાઉન્સિલર, સ્વૈચ્છીક સંસ્થાના મહિલા પ્રતિનિધિઓ, સ્થાનિક સરકારી તંત્ર સહયોગી બનશે.

ખેલ મહાકુંભ-૨૦૧૯ માટે રજીસ્ટ્રેશન પ્રક્રિયા શરૂ

આણંદ : ખેલમહાકુંભ-૨૦૧૯માં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા દર વર્ષની જેમ ચાલુ વર્ષે ખેલ મહાકુંભનું આયોજન હાથ ઘરવામાં આવ્યુ છે. શાળા, ગ્રામ્ય કક્ષાએથી રાજ્યકક્ષા સુધી વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજવામાં આવનાર છે. ખેલ મહાકુંભ-૨૦૧૯નું રજીસ્ટ્રેશન તા. ૧૫-૭-૨૦૧૯ થી શરૂ થી ૧૫-૦૮-૨૦૧૯ દરમ્યાન www.khelmahakumbh.rog વેબસાઈટ પરથી થશે. તેમજ મોબાઈલ એપ્લીકેશનથી ઓનલાઈન રજીસ્ટ્રેશન થઈ શકશે. જેમાં અલગ-અલગ વય જુથ જેવી કે અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭ તથા ઓપન એજ ગ્રુપ(સિનિયર) ગ્રુપમાં શાળામાં અભ્યાસ કરતા ખેલાડીઓએ જે તે શાળામાંથી રજીસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે. કોલેજમાં ખેલાડીઓ ઓનલાઈન તેમજ કોલેજ મારફતે રજીસ્ટ્રેશન કરાવી શકશે. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાના ગામની સ્કુલ/હાઈસ્કુલમાંથી રજીસ્ટ્રેશ કરાવી શકશે.

“સારો લેખક સ્પોન્જ જેવો હોય છે”- અમિષ ત્રિપાઠી

FROZEN Words
UNT APTE
PROF DR NIGAM DAVE
DR JAY NARAYAN VYAS
AMISH TRIPATHI
SHALAKA APTE
TUSHAR SHUKLA
SHYAM PAREKH

અમદાવાદ, રવિવારે શલાકા શકુંત આપ્ટેનાં કાવ્ય સંગ્રહ ‘ફ્રોઝન વર્ડઝ‘નુ વિમોચન પ્રસિધ્ધ માયથોલોજીકલ (પૌરાણિક) નવલકથાકાર અને બેસ્ટ સેલીંગ લેખક અમિષ ત્રિપાઠીએ અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન (એએમએ) ખાતે કર્યું હતું. ‘ફ્રોઝન વર્ડઝ‘નું વિમોચન કરતી વખતે શ્રી ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ‘‘એક સારા અને ગ્રહણશક્તિ ધરાવતા લેખક (કવિ કે કવયિત્રી) સ્પોન્જ જેવા હોય છે. તે અવલોકન કરતા રહે છે અને તેમાંથી ગ્રહણ કરવાનુ ચાલુ રાખે છે.’’ ગુજરાત લિટરેચર ફેસ્ટીવલ સમર્થિત આપુસ્તક વિમોચન સમારંભમાં ગુજરાતી ભાષાના પ્રસિધ્ધ કવિ અને લેખક શ્રી તુષાર શુકલ, અર્થશાસ્ત્રી અને રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન શ્રી જયનારાયણ વ્યાસ,પંડિત દિનદયાળ યુનિવર્સિટીની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના ડિરેક્ટર ડો નિગમ દવે, GLFના શ્યામ પારેખ તથા અન્ય મહાનુભવો હાજર રહ્યા હતા. આ સમારંભમાં શ્રી તુષાર શુક્લએ જણાવ્યું હતું કે ‘‘કવિતાઓ એ મુક્ત લાગણીઓની અભિવ્યક્તિ છે’’. એક સંદેશામાં શલાકાની શાળાના શિક્ષકે જણાવ્યું હતું કે ‘‘તમારી સંવેદના અને નિર્દોષતાને અકબંધ રાખો અને હકારાત્મક બની રહો’’ ‘ફ્રોઝન વર્ડઝ‘એ આશરે ૨૦ વર્ષની વયની કન્યાશલાકા આપ્ટેની કવિતાઓનો સંગ્રહ છે. એણે દુનિયા પાસેથી જે કાંઈ શિખ્યું છે તેની પોતાની કવિતામાં અભિવ્યક્તિ કરી છે. આ કવિતાઓ વાચકોને પોતાના વિસમા વર્ષની આસપાસના સમય સાથે સાંકળે છે. શલાકા આપ્ટે પોતાના પરિવાર સાથે અમદાવાદમાં રહે છે અને હાલમાં પંડિત દિનદયાળ યુનિવર્સિટીમાં અંગ્રેજી સાહિત્યનો સ્નાતક કક્ષાનો અભ્યાસ કરી રહી છે. તે ખૂબ જ નાની વયે અંગ્રેજી સાહિત્યથી પ્રભાવિત થઈ હતી. પોતાની પ્રથમ કવિતા તેણે કિશોરાવસ્થામાં પ્રવેશ સાથે જ લખી હતી. આ પુસ્તકની કેટલીક ઉમદા પંક્તિઓ વાચકને દિવસભરના થાક પછી આરામ બક્ષે તેવી છે.

આગામી ૧૫ સ્વાતંત્ર્ય પર્વ જિલ્લા મથક મોડાસા ખાતે યોજાશે

(તસ્વીર :બકોર પટેલ - મોડાસા)

મોડાસા, અરવલ્લી જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક કલેકટર શ્રી નાગરાજન.એમની અધ્યક્ષતામાં મળી હતી. સંકલન અને ફરિયાદ સમિતિની બેઠકમાં સાસંદ શ્રી દિપસિંહ રાઠોડના રસ્તા અંગેના તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી હંસાબેન પરમારના જળ સંચય અભિયાન અંતર્ગત તળાવો ઉંડા કરાયેલ કામગીરી, ધોરણ ૧૦ અને ૧૨ના અનુસૂચિત જાતિના વિધાર્થીઓને જાતિ પ્રમાણપત્ર આપવા, તેમજ ધનસુરાના કરોલી ગામે જયોતિગ્રામ યોજના અંતર્ગત વીજ કનેકશન આપવા ઉપરાંત રડોદરા મંડળીને લગતા પ્રશ્નો રજૂ કર્યા હતા જયારે ભિલોડાના ધારાસભ્ય શ્રી ડૉ.અનિલભાઈ જોષીયારાએ વન અધિકાર આપવા, ગ્રામ પંચાયતના વિભાજન બાદ નવિન મકાન બનાવવા તેમજ પેરામેડિકલના વિદ્યાર્થીઓને શિષ્યવૃતિ સહાયમાં પડતી મુશ્કેલી અંગેના પ્રશ્નો રજૂ કર્યા હતા. જયારે મોડાસાના ધારાસભ્ય શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોરે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા ખાણી પીણી બજારની વ્યવસ્થાની તપાસ કરવા, સોલાર પ્લાન્ટમાં સ્થાનિકોને રોજગારી આપવા તેમજ પ્રાથમિક શાળાના શિક્ષકોની બદલી અંગેના ધારાધોરણ અને પ્રવાસન સ્થળોનો વિકાસ કરવાના પ્રશ્નની ચર્ચા કરવામાં આવી હતી જેના નિરાકરણ માટે કલેકટર શ્રી દ્વારા સબંધિત અમીકરણ અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપવામાં આવી હતી. તેમજ બાકી પેશન કેસો, કર્મચારીઓના ખાનગી અહેવાલ, કચેરીઓનું નિરીક્ષણ ઓનલાઇન ફરિયાદોનો નિકાલ તેમજ મોડાસાની જીનીયસ સ્કૂલ ખાતે યોજાનાર જિલ્લાકક્ષાના સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી, ખેલમહાકુંભમાં ભાગીદારીતા વધે તેમજ ૭૦માં વન મહોત્સવના ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડૉ.હર્ષિત ગોસાવી,અધિક કલેકટર આર.જે.વલવી, સહિત પ્રાંત અધિકારીઓ અન્ય અમલીકરણ અધિકારીઓ ઉપસ્થિત રહયા હતા.

તાપી જિલ્લા કક્ષાના ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની કુકરમુંડા ખાતે ઉજવણી કરાશે

(માહિતી બ્યૂરો)વ્યારા, તાપી જિલ્લામાં આગામી ૧૫મી, ઓગસ્ટ ૭૩માં સ્વાતંત્ર્ય પર્વની વહીવટીતંત્ર દ્વારા જિલ્લા કક્ષાની ઉજવણી કુકરમુંડા સ્થિત એસ.કે.કાપડીયા હાઈસ્કૂલ ખાતે કરવામાં આવશે. જેના આયોજન સંદર્ભે આજે કલેકટર આર.એસ.નિનામાની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણી દરમિયાન સરકારી ઈમારતોને રોશની કરવા, નગર સહિત કાર્યક્રમના સ્થળે સાફ-સફાઈ, સભામંડપ, સ્ટેજ, બેઠક વ્યવસ્થા, સ્વાતંત્ર્ય સેનાનીઓ અને વિશિષ્ઠ વ્યકિતિઓનું સન્માન, પોલીસ બેન્ડ, વીજળી, પાણી, આરોગ્ય, વૃક્ષારોપણ, પાંર્કિંગની વ્યવસ્થા તથા સાંસ્કૃતિક કાર્યક્રમોના સુચારૂ આયોજન માટે વિવિધ સમિતિઓ બનાવીને સબંધિત અધિકારીઓને કામગીરી સોંપવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરાઈ હતી. સ્વાતંત્ર્ય સેનાનીનું સન્માન, જિલ્લાના સિદ્ધિવંત નાગરિકોનું સન્માન, સરકારી વિભાગમાં સૌથી સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીની પસંદગી તેમજ વ્યક્તિ વિશેષોની યાદી તૈયાર કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ. કુકરમુંડાની એસ.કે.કાપડીયા હાઈસ્કૂલના પટાંગણમાં કરવામાં આવનાર આ પર્વની ઉજવણી સંદર્ભે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.

સજેલીતાલુકામાંદશામાનીમૂર્તીનુઆગમનદીવાસોનાઅનેબેદિવસ બાકીછેત્યારેસંજેલીનાબજારોમાં દશામાનીમૂર્તીપણવિવિધશંગારો સાથેસજાવવામાંઆવીરહીછેઆધિવ્યાધિઉપાધિદૂરકરનારએવા દશામાંવ્રત નીખુબજમહિમા છે હિન્દુધર્મમાં વારતહેવારરો ધાર્મિક પ્રક્રિયા સાથે જોડાઇયેલાછે અષાઢ વદ અમાસના દિવસ થી પ્રારમ્ભ થાયછે દશામાની વ્રત થી અનેક તેહવારો ની શરૂ વાત થાયછે આથી ભાવિક ભક્તો માં અનેરો આનંદ ફેલાઇયોછે સંજેલી ના બજારમાં વિવિધશંગારો સાથે સજાવવામાંઆવેલીદશામાનીમૂર્તીનુંવેચાનશરૂ થયેલ છે. (તસ્વીરઃ-ફારુક પટેલ, સંજેલી)

કલેક્ટર આર. એસ. નિનામાની અધ્યક્ષતામાં

તા. ૯મી ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિન ઉજવણીના આયોજન અંગે બેઠક મળી

(માહિતી બ્યૂરો)વ્યારા, આદિવાસી સમાજની ભવ્ય અને ઐતિહાસિક વિરાસત, પરંપરાગત વારસો અને અસ્મિતાને ટકાવવાના પ્રયાસોના ભાગરૂપે તા.૯મી ઓગસ્ટને ‘વિશ્વ આદિવાસી દિવસ’ તરીકે ઘોષિત કરવામાં આવ્યો છે. જળ, જમીન, જંગલ અને પર્યાવરણ સાથે જોડાયેલ આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવા સમગ્ર રાજયના વિવિધ આદિવાસી જિલ્લાઓમાં વિધાનસભા વિસ્તાર મુજબ વિશ્વ આદિવાસી દિનની ઉજવણી કરવાનું રાજયસરકાર દ્વારા નક્કી કરાયું છે. જે અન્વયે તાપી જિલ્લામાં સમાવિષ્ઠ વ્યારા વિસ્તારમાં ડોલવણ અને નિઝર વિસ્તારમાં ઉચ્છલ ખાતે વિશ્વ આદિવાસી દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ ઉજવણીના આયોજન અંગે તાપી કલેકટરાલય ખાતે આજે કલેકટર આર.એસ. નિનામાની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં સભામંડપ, સ્ટેજ, બેઠક વ્યવસ્થા, વીજળી, પાણી, આરોગ્ય, વાહન વ્યવહાર,પાંર્કિંગ, કાયદો વ્યવસ્થા સ્વચ્છતા જાળવણી તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોના સુચારૂ આયોજન સહિત વિવિધ પાસાઓની વિસ્તૃત સમીક્ષા કરી સબંધિત અધિકારીઓને કામગીરી સોંપવામાં આવી છે. આ પ્રસંગે આદિવાસી સાંસ્કૃત્તિક કલામંડળો પરંપરાગત આદિવાસી નૃત્યો, વેશભૂષા અને વાદ્યોની સંગીતમય સૂરાવલીઓ છેડીને ઉપસ્થિત મહાનુભાવોનું ઉમળકાભેર સ્વાગત કરશે. આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરતા પારંપરિક વેશભૂષા નૃત્ય સહિત વિવિધ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમોની રમઝટ પણ આ વેળાએ માણવા મળશે. જયારે તાપી જિલ્લાના આદિવાસી સમાજના તેજસ્વી તારલાઓ, પ્રગતિશીલ ખેડૂતો, રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ સ્પોર્ટ્સમાં ઝળકેલા ખેલાડીઓ, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં વિશિષ્ઠ પ્રદાન આપનાર અગ્રગણ્ય નાગરિકોનું હસ્તે બહુમાન કરવામાં આવશે. આ ઉપરાંત વિવિધ ઉત્કર્ષ યોજનાના લાભાર્થીઓને યોજનાકીય લાભોના ચેકો, અધિકારપત્રો તથા કીટનું વિતરણ પણ કરાશે.

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના ટીટોઇની તમામ ચાર. પ્રા.શાળાઓ ટીટોઇ-૧ ,ટીટોઇ-૨ , ટીટોઇ-૩ અને ગઢીમાં આજરોજ સરપંચ અ.કાદરભાઈ ટીટોઇયાના હસ્તે વૃક્ષારોપણકરવામાંઆવ્યુંહતું આપ્રસંગેપંચાયતસભ્યોપ્રદીપભાઈપટેલ ,કેયુરભાઈપટેલતેમજતમામ શાળાઓના આચાર્યો તથા શિક્ષકો ઉપસ્થિત રહ્યા હતા. (તસ્વીરઃ- બકોરપટેલ , મોડાસા)

હિંમતનગરમાં જીપીએસસીના તાલીમ વર્ગનો શુભારંભ

(પ્રતિનિધિ) હિંમતનગર, તાજેતરમાં ઉમિયા પરિવાર, હિંમતનગર સંચાલિત જીપીએસસીના નવમાં તાલીમ વર્ગનો શુભારંભ કાર્યક્રમ સી.કે.સમાજવાડીમાં સંપન્ન થયો. કાર્યક્રમમાં ઉમિયા પરિવારના હોદ્દેદારો, સભ્યો, સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના સમાજશ્રેષ્ઠીઓ, ઉદ્યોગપતિઓ, દાતાઓ, શિક્ષણપ્રેમીઓ, આમંત્રિત મહેમાનો, જીપીએસસીના તાલીમાર્થીઓ વગેરે ૨૦૦થી પણ વધુ સંખ્યામાં હાજર રહ્યા. સમારંભના પ્રમુખ ડો.ચીમનભાઈ પટેલે સનદી અધિકારીઓ જેવી ટોપ પોસ્ટ ઉપર પહોંચવાની આટાપે પરીક્ષા જીપીએસસી વિશે પોતાની માનનીય વિચાર સરણી રજૂ કરી. શિક્ષણ કન્વીનર દાનજીભાઈ પટેલ શિક્ષણ સમિતિના સભ્ય કાન્તિભાઈ પટેલે યુસીડીસી અને સરદારધામના સહકારથી ચાલતા આ જીપીએસસીના વર્ગ વિશે પરિચય આપ્યો.

મંત્રી ડાહ્યાભાઈ પટેલે ઉમિયા પરિવારની પ્રવૃત્તિઓ વિશે સારી માહિતી આપી. યુસીડીસીના ડીરેક્ટર સંજયભાઈ પટેલે યુસીડીસી, સરદાર ધામના પ્રચાર વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા. યુસીડીસીના સરદાર ધામના પ્રચાર વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા. યુસીડીસીના ડીરેક્ટર દેવાંગભાઈએ યુપીએસસી, જીપીએસસીની પરીક્ષાઓ પાસ કર્યા બાદ મળતી સરકારી ભરતી અને વાચન અભિગમ વિશે, પીએસઆઈ અલ્પેશ પટેલે પોલીસ ખાતાની ભરતી વિશે અને આચાર્ય સંઘના પ્રમુખ મહેન્દ્ર પટેલે શિક્ષણ વિશે પોતાનો અભિગમ રજૂ કર્યો. દાતા લક્ષ્મણભાઈ પટેલે આશીર્વાચન પાઠવ્યા. શિક્ષણ સમિતિ સભ્ય રામભાઈ પટેલ, રાધેશ્યામ પટેલે તથા રામભાઈ પી.પટેલ, કર્મચારીઓ અને નિકિતાબેન તથા સેવકોએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી. શિ.સ.સભ્ય પોપટલાલ પટેલે આભારવિધિ કરી કાર્યક્રમ સફળ રહ્યો. ★

વેસ્ટર્ન ટાઇમ્સ

વેસ્ટર્ન ટાઇમ્સમાં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

નામ બદલેલ છે

મેં મારૂ જુનું નામ **મોહમ્મદ પરવેઝ** હતું તે બદલીને **શેખ મોહમ્મદ પરવેજ** રાખેલ છે.
સરનામું : ૧૯૬, કાંચની મસ્જીદ, જમાલપુર, અમદાવાદ
1282

VINYOFLEX LIMITED

Regd. Office : 307, Silver Chamber, Tagore Road, RAJKOT - 360 002. Ph. 0281-2468328
CIN : L25200GJ1993PLC019830 • Web : www.vinyoflex.com • E-mail : info@vinyoflex.com

STATEMENT OF UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED 30th JUNE 2019

(Rs. in Lakhs)

SR NO.	Particulars	FOR THE QUARTER ENDED			FOR THE YEAR ENDED
		30/06/2019 (Unaudited)	31/03/2019 (Audited)	30/06/2018 (Unaudited)	31/03/2019 (Audited)
1	Total Income from operations	930.65	1166.34	823.12	3899.72
2.	Net Profit / (Loss) for the period (before Tax, Exceptional and/or Extraordinary items)	65.08	50.48	48.57	246.79
3.	Net Profit / (Loss) for the period before Tax (after Exceptional and/or Extraordinary items)	65.08	50.48	48.57	246.79
4.	Net Profit / (Loss) for the period after Tax (after Exceptional and/or Extraordinary items)	65.08	50.48	48.57	246.79
5.	Total Comprehensive Income for the period [Comprising Profit / (Loss) for the period (after tax) and Other Comprehensive Income (after tax)]	49.08	32.15	33.57	177.46
6.	Paid up equity share capital (Equity Shares of Rs. 10.00 per share)	431.90	431.90	431.90	431.90
7.	Reserve (excluding Revaluation Reserves) as shown in the Audited Balance Sheet of Previous accounting year	-	-	-	1257.12
8.	Earnings per share (EPS) (for continuing and discontinued operations)				
	(a) Basic	1.14	0.74	0.78	4.11
	(b) Diluted	1.14	0.74	0.78	4.11

Notes :
1. The above is an extract of the detailed format of Quarterly Financial Results to be filed with the Stock Exchange under Regulation 33 of the SEBI (Listing Obligation and Disclosure Requirements) Regulations, 2015. The Full Format of the Quarterly Financial Result are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company's website (www.vinyoflex.com)
2. The above Financial Results have been reviwed by the Audit Committee and approved by the Board of Directors in the meeting held on 30 / 07 /2019.
3 The company's is activity falls within a single segment that is i.e. PVC Film therefore segment reporting in terms of Accounting Standard 17 not applicable.
4. Previous Quarterly / Yearly figures have been regrouped / reclassified wherever necessary.

For, and on behalf Board of Directors of
VINYOFLEX LIMITED
Vinod K. Tilva
(Managing Director)
(DIN - 00275279)

Place: RAJKOT
Date: 30-07-2019